SPECIAL ISSUE: 04

The Knowledge Spectrum: An International Peer-Reviewed Multidisciplinary Journal

ISSN: 3107-3557 (Online)

62

# રાષ્ટ્રપ્રીતિના કસુંબલ રંગે રંગાયેલ કવિ : મેઘાણી

**Dr. Harendrakumar V. Chaudhari**
Associate Professor
Smt.B.V.Dhanak Arts Commerce Science and Management College Bagasara, Gujarat

**શોધપત્ર સારાંશ :**

ઝવેરચંદ મેઘાણીના રાષ્ટ્રપ્રેમ-ભક્તિના કાવ્યો વિશે વાત કરતાં પ્રથમ તો એ કવિતામાં વ્યકત થતી આંતર સામગ્રી કે જાત અને એને રજૂ કરતી કવિ કર્મરૂપ અભિવ્યકિત એ બાબતોનો પ્રથમ વિચાર કરવો ઘટે. 'અંતઃસ્તત્વ કવિતાના સ્વપનું નિયામક પરિબળ છે.' કાવ્યમાં રજૂ થયેલો એનો આંતરપિંડ જ અંતઃસ્તત્વને એનાં સ્વરૂપ-આકાર-છંદ-લય વગેરે નક્કી કરી લેતો હોય છે. ઉમાશંકરે કહેલું કે, હું જયારે કવિતા લખવા બેસું છું ત્યારે મારામાંથી છંદો સહિત કવિતાની પંક્તિઓ ને પંક્તિઓ આવે છે. કાવ્યનો પિંડ જ એને અનુરુપ આકાર ઊભો કરી લેતો હોય છે. 'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો'માં આપણા સુક્ષ્મ દષ્ટિ વિવેચક શ્રી રા.વિ.પાઠકે આપણી ગાંધીયુગની કવિતાની વાત કરતાં આ બંને બાબતોની ચર્ચા કરી છે.

રાષ્ટ્રપ્રેમની કવિતાની વિભાવના સમજતી વખતે સૌ પ્રથમ 'રાષ્ટ્ર' શબ્દ-સંજ્ઞા સ્પષ્ટ કરવી પડે. 'રાષ્ટ્ર' એ કોઈ ભૌગોલિક સીમાઓથી અંકાયેલો ભૂમિખંડ નથી, કે નથી તો તે માત્ર એ ભૂમિ પર વસતી પ્રજાનો રાજકીય ઈતિહાસ, 'રાષ્ટ્ર' એ તો સમસ્ત પ્રજાના હૃદયમાં પોતાના દેશ બાંધવો માટે, પોતાની પરંપરા અને સંસ્કૃતિ માટે, પોતાના પર્યાવરણ અને પશુ-પંખી-પ્રાણી માટે જન્મેલી યુગપ્રવર્તક એવી આત્મીયતા છે. પ્રાચીનકાળમાં 'યથા રાજા તથા પ્રજા' એવું સૂત્ર હતું પણ હવે એ પલટાયું છે અને 'યથા પ્રજા તથા રાષ્ટ્ર' એમ બન્યું છે. રવીન્દ્રનાથ ટાગોરે 'રાષ્ટ્ર' ને તો ઈશ્વર જેવું અતિવ્યાપક સ્વરૂપ આપીને તેને 'રાષ્ટ્રદેવતા' એવું સંબોધન કર્યું છે. જો પ્રાચીન સંદર્ભોનો નિર્દેશ કરીને 'રાષ્ટ્ર' સંજ્ઞાને ઓળખીએ તો પ્રાચીન ભારત વર્ષમાં 'રાષ્ટ્ર' એવી સંજ્ઞા છેક ઋગ્વેદના સમયથી પ્રયોજાતી આવી છે. અને એના 'જનપદ', 'રાજય', 'રાજયના તાબાનો કોઈ પ્રદેશ' એવા અર્થો થતા રહ્યા છે. એ પ્રાચીન રાષ્ટ્રોને, આજે આપણે જેને સાર્વભૌમત્વ ધરાવતું રાષ્ટ્ર કહીએ રવીન્દ્રનાથ ટાગોરે આને કારણે જ 'રાષ્ટ્રીયતા'નો સંકુચિત સંદર્ભ છોડી દઇને સમસ્ત માનવજાતના વિશાળ હિતોની ખેવના કરી હતી રાષ્ટ્રીયતા એટલે પ્રજાનું એક વ્યાપક માનસિક વલણ, સમસ્ત પ્રજાના આચાર-વિચાર, એ આખીય પ્રજાનું ધબકતું એક સરખું લાગણીતંત્ર અને તેનો ઉચ્ચ ભાવનાત્મક આર્વિભાવ. આમ માનસિક વૈમનસ્યની ભીતીને ભાંગીને મેઘાણીએ બધાને કસુંબલ રંગથી રંગી માનવતાના વ્યાપક આલેખન અને કસુંબલ રંગથી રંગાવેલી તેમની કવિતા જનતાના હૃદયસિંહાસન પર બિરાજી ગાંધીયુગના કવિઓમાં માત્ર ઝવેરચંદ મેઘાણીની જ કવિતા કલાપી અને ન્હાનાલાલની કવિતાની જેમ લોકહૃદય અને લોકકંઠ સુધી પહોંચી. ઝવેરચંદ મેઘાણીની લોકપ્રિયતા પાછળ તેની યુગ આરાધનાનો મોટો ફાળો રહ્યો છે.

**બીજ શબ્દ :**

રાષ્ટ્રપ્રેમ-ભક્તિ, અર્વાચીન કાવ્યસાહિત્ય, ગાંધીયુગ, રાષ્ટ્ર, કસુંબલ રંગ, મેઘાણી 'રાષ્ટ્રીય શાયર', લોકકંઠ

---

ઝવેરચંદ મેઘાણીના રાષ્ટ્રપ્રેમ-ભક્તિના કાવ્યો વિશે વાત કરતાં પ્રથમ તો એ કવિતામાં વ્યકત થતી આંતર સામગ્રી અને એને રજૂ કરતી કવિ કર્મરૂપ અભિવ્યકિત એ બાબતો વિશે ધ્યાન કેન્દ્રિત કરવું

આવશ્યક બને છે. 'અંતઃસ્તત્વ કવિતાના સ્વરૂપનું નિયામક પરિબળ છે.' કાવ્યમાં રજૂ થયેલો એનો આંતરપિંડ જ અંતઃસ્તત્વને એનાં સ્વરૂપ-આકાર-છંદ-લય વગેરે નક્કી કરી લેતો હોય છે. ઉમાશંકરે એમની કવિતા વિશે બોલતાં એમના એક વક્તવ્યમાં કરેલી વાત આ સંદર્ભમાં યાદ આવે છે. હું જયારે કવિતા લખવા બેસું છું ત્યારે મારામાંથી છંદો સહિત કવિતાની પંક્તિઓ ને પંક્તિઓ આવે છે. કાવ્યનો પિંડ જ એને અનુરુપ આકાર ઊભો કરી લેતો હોય છે. પ્રાચીન ગ્રીક કવિતાથી માંડીને પશ્ચિમમાં અત્યારે લખાતી કવિતાની વાત કરો કે આપણી નર્મદ-દલપતયુગની કવિતાથી માંડીને સાંપ્રત સમયમાં લખાતી આધુનિક કવિતાની વાત કરો તો આ બાબત સ્વયં સ્પષ્ટ થશે. કવિતાનું વિષય-વસ્તુ-આંતરજગત બદલાતું રહે છે. તેમ તેની અભિવ્યક્તિ પણ તદ્દનુસાર બદલાતી રહે છે. આપણા સૂક્ષ્મદષ્ટિ વિવેચક શ્રી રા.વિ.પાઠકે 'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો'માં આપણી  ગાંધીયુગની કવિતાની વાત કરતાં આ બંને બાબતોની સાફ ચર્ચા કરી છે.

રાષ્ટ્રપ્રેમની કવિતાની વિભાવના સમજતી વખતે સૌ પ્રથમ 'રાષ્ટ્ર' શબ્દ,સંજ્ઞા સ્પષ્ટ કરવી આવશ્યક બને છે. 'રાષ્ટ્ર' એ કોઈ ભૌગોલિક સીમાઓથી અંકાયેલો ભૂમિખંડ નથી, કે નથી તો તે માત્ર એ ભૂમિ પર વસતી પ્રજાનો રાજકીય ઈતિહાસ, 'રાષ્ટ્ર' એ તો સમસ્ત પ્રજાના હૃદયમાં પોતાના દેશ બાંધવો માટે, પોતાની પરંપરા અને સંસ્કૃતિ માટે, પોતાના પર્યાવરણ અને પશુ-પંખી-પ્રાણી માટે જન્મેલી યુગપ્રવર્તક એવી આત્મીયતા છે. આ આત્મીયતા માત્ર ભારત જેવા રાષ્ટ્રને અનુલક્ષીને નહીં પણ વિશ્વમાં શ્વસતી કોઈપણ પ્રજામાં 'રાષ્ટ્ર' પ્રત્યે પ્રગટેલો આર્વિભાવ છે. એ જે પ્રેમ-લાગણી પ્રગટ કરે છે. એમાં સમત્વ પણ છે  અને મમત્વ પણ છે. અન્ય રીતે કહીએ તો એ મમત્વમાં વિસ્તરેલું મમત્વ છે. આને કારણે કોઈ વિશાળ રાષ્ટ્રની અનેક જાતિઓ, કોમો, વર્ગો, જીવન પદ્ધતિઓ, બોલાતી ભાષાઓ, પ્રવર્તતા રીત-રિવાજો, પહેરવેશ, ઉત્સવો વગેરેનું અનેકવિધ વૈવિધ્ય હોવા છતાં પેલી મમત્વ ભરેલી સમતાને કારણે એમાં એક પ્રકારની આંતર એકતા પ્રવેશે છે. આપણે ભારતના સંદર્ભમાં વિચારીએ છીએ કે, અહીં 'વિવિધતામાં એક્તા' રહેલી છે. આજે રાષ્ટ્ર એ માત્ર રાજય કે એનો પ્રાદેશિક વિભાગ નથી. પણ એક જ પ્રકારની ભાવનાઓ-ભાવથી પ્રજાથી વસાવેલો દેશ છે. રાષ્ટ્ર હવે રાજાની અપેક્ષાએ નથી, પણ પ્રજાની અપેક્ષાએ છે. એટલું જ નહીં પણ કાળની લીલાએ રાજકીય અને પ્રજાકીય એ બંનેને એકત્વ અર્પી દીધું છે. પ્રાચીનકાળમાં 'યથા રાજા તથા પ્રજા' એવું સૂત્ર હતું પણ હવે એ પલટાયું છે અને 'યથા પ્રજા તથા રાષ્ટ્ર' એમ બન્યું છે. રવીન્દ્રનાથ ટાગોરે 'રાષ્ટ્ર' ને તો ઈશ્વર જેવું અતિવ્યાપક સ્વરૂપ આપીને તેને 'રાષ્ટ્રદેવતા' એવું સંબોધન કર્યું છે. જો પ્રાચીન સંદર્ભોનો નિર્દેશ કરીને 'રાષ્ટ્ર' સંજ્ઞાને ઓળખીએ તો પ્રાચીન ભારત વર્ષમાં 'રાષ્ટ્ર' એવી સંજ્ઞા છેક ઋગ્વેદના સમયથી પ્રયોજાતી આવી છે. અને એના 'જનપદ', 'રાજય', 'રાજયના તાબાનો કોઈ પ્રદેશ' એવા અર્થો થતા રહ્યા છે. એ પ્રાચીન રાષ્ટ્રોને, આજે આપણે જેને સાર્વભૌમત્ત્વ ધરાવતું રાષ્ટ્ર કહીએ છીએ, તેની સાથે ભાગ્યે જ કશો સંબંધ છે.

અંગ્રેજીમાં 'રાષ્ટ્ર' માટે 'NATION' શબ્દ પ્રયોજાયો છે. અને રાષ્ટ્રીયતા માટે 'NATIONALITY' શબ્દ પ્રયોજાયો છે. પણ ત્યાં સંકુચિત અર્થમાં 'રાષ્ટ્ર' શબ્દ યોજોયો હતો એ પણ વિસરાયું છે. આજે તો આપણે 'વસુધા આખું એક કુટુંબ છે' એમ માનતા થયા છીએ. સ્વાતંત્ર્ય સંગ્રામમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરે આને કારણે જ 'રાષ્ટ્રીયતા'નો સંકુચિત સંદર્ભ છોડી દઇને સમસ્ત માનવજાતના વિશાળ હિતોની ખેવના કરી હતી એટલે જેને અંગ્રેજીમાં આપણે 'NATION', 'NATIONALITY' કહીએ છીએ તેને પણ કેવળ રાષ્ટ્રના

સાંકડા અર્થમાં લેવાના નથી. પરંતુ 'વિશાળ આધ્યાત્મિક' અર્થમાં અથવા તો 'ભાવનાત્મક' અર્થમાં લેવાના રહે છે. આપણે ત્યાં રાષ્ટ્રીય સંગ્રામ દરમ્યાન જે રાષ્ટ્રીય ભાવના-ભકિતનો ઉદય થયો એની પાછળ સમસ્ત પ્રજામાનસ રહેલું હતું. આથી કહેવાય છે કે 'રાષ્ટ્રીયતા' એટલે પ્રજાનું એક વ્યાપક માનસિક વલણ, સમસ્ત પ્રજાના આચાર-વિચાર, એ આખીય પ્રજાનું ધબકતું એક સરખું લાગણીતંત્ર અને તેનો ઉચ્ચ ભાવનાત્મક આર્વિભાવ. શ્રી અરવિંદ ઘોષે આપણા 'વંદેમાતરમ્' રાષ્ટ્રગીતને અનુલક્ષીને કહેલું કે, 'સમસ્ત ભારતીય પ્રજાનો પ્રાણ એક સૂત્રે પરોવાઈને બંકિમ બાબુની 'આનંદમઠ' નવલકથાના આ ગીતમાં વ્યક્ત થયો છે. કોઈપણ રાષ્ટ્રની સમગ્ર પ્રજાનો એકીભૂત આત્મા જેમાં પ્રગટી ઊઠે તે 'રાષ્ટ્રીયતા'. 'રાષ્ટ્રીયતા' આમ રાષ્ટ્ર સમસ્તનું સ્પંદન બની જાય છે. આટલા વિશાળ સંદર્ભમાં આપણે 'રાષ્ટ્રીયતા' સંજ્ઞાને તપાસવાની રહે છે. એક પ્રદેશમાં વસતો જનસમૂહ તે પ્રદેશને અવલંબેલા કોઈ અર્થ માટે સામુદાયિક ને એકાગ્ર ચેતન દાખવે ત્યારે રાષ્ટ્રીયતા પ્રગટી એમ આપણે કહીએ છીએ. ટૂંકમાં કહીએ તો સમગ્ર દેશને પોતાના એક વિશાળ પરિવારરૂપે જોવો-અનુભવવો.

આપણા દેશમાં ગાંધીયુગીન સમયગાળામાં છેક કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને પશ્ચિમમાં દ્વારકાથી માંડીને પૂર્વમાં જગન્નાથપુરી સુધી એક વિશાલ રાષ્ટ્રપ્રીતિનો સાગર ઘૂઘવતો હતો. અને આ રાષ્ટ્રના સાર્વભૌમત્વ માટે મેઘાણી કહે છે કે,

"નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે."[૧]

મેઘાણીનો આ યુયુત્સાભાવ રાષ્ટ્રભક્તિની કવિતાનો એક બળવાન આવિષ્કાર છે. આપણે રાષ્ટ્રને ખરા અર્થમાં એક્તાનો અનુભવ ગાંધીયુગમાં કર્યો છે. એવો આજ દિન સુધી એ પછી ક્યારેય કર્યો નથી. આ યુગમાં જીવિત હોવું તે આશીર્વાદ ગણાતું પણ યુવાન હોવું તે સાક્ષાત્ સ્વર્ગપ્રાપ્તિ જેવું મનાતું. 'It was bliss to be alive at that time, but to be young was very heaven.'

ગાંધીયુગની કવિતા પર દષ્ટિપાત કરતાં એક બાબત તુરત જ ધ્યાન ખેંચે છે કે આ યુગના કવિઓએ ગુલામીની તત્કાલીન સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં લઇ જનજાગ્રતિ માટે, આમ જનતામાં રાષ્ટ્રીય, અસ્મિતાની ભાવના પ્રગટાવવા રાષ્ટ્રપ્રીતિનાં કાવ્યો લખ્યાં છે. રાષ્ટ્રપ્રીતિના ઉદ્ગારો કાઢનાર કવિઓમાં શ્રી ઝવેરચંદ મેઘાણીનું નામ મોખરે છે. ગધમાં નવલકથા સ્વરૂપમાં આ પ્રકારના ભાવજગતનું-તત્કાલીન યુગસંવેદનાનું આલેખન કરનાર નવલકથાકાર ર.વ. દેસાઇ આથી જ 'યુગમૂર્તિ વાર્તાકાર' નું બિરુદ પામ્યા. પદ્યનાં વિવિધ સ્વરૂપો દ્વારા જેમણે સમગ્ર જનતાના હૃદયમાં રાષ્ટ્રીય અસ્મિતાની જ્યોત પેટાવી અને સંકોરી તેને ઝળહળતી રાખી તે કવિ ઝવેરચંદ મેઘાણીને 'યુગમૂર્તિ કવિ' કહી ઓળખીએ તો તે સર્વથા ઉચિત છે. ગાંધીયુગીન પરિબળોમાં ઝવેરચંદ મેઘાણી એટલા બધા ઊંચકાયા છે કે તેમના પ્રત્યેક નાડીધબકારમાં રાષ્ટ્રભાવ ધબક્તો થયો. એ ગાળાના તે સહુથી લોકપ્રિય અને લોકભોગ્ય કવિ હતા. ક્લાપી અને ન્હાનાલાલ પછી અર્વાચીન ગુજરાતી કવિતામાં લોકપ્રિય કવિ તરીકેનું એમનું નામ-સ્થાન અવશ્ય યાદ આવે. તેઓ ખરેખર 'રાષ્ટ્રીય શાયર'ના બિરુદને યોગ્ય હતા. કેમકે પ્રજાનું મુખ બની તેમણે તેમના કવનમાં પ્રજાની લાગણીઓ-એષણાઓ-આકાંક્ષાઓને રમતી કરી. તમીલ **ભાષામાં સુબ્રહ્મન્ય** ભારતીને લોકોએ એમની બુલંદ રાષ્ટ્રભાવનાને કારણે 'ભારતી' એવા લોકલાડીલા સતત ખેવના નામથી સંબોધ્યા હતા એ જ રીતે ગાંધીજીએ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર' કહીને બિરદાવ્યા. 'રાષ્ટ્રીય શાયર' કોને કહેવા ?

એવો પ્રશ્ન સૌને થાય તે સ્વાભાવિક છે. રાષ્ટ્રપ્રેમનાં ગાણાં ગાય તે જ રાષ્ટ્રીય શાયર ? તો તો નર્મદ, ન્હાનાલાલ, ખબરદાર વગેરે કવિઓએ પણ રાષ્ટ્રપ્રેમનાં કાવ્યો-ગીતો ક્યાં નથી લખ્યાં ? પરંતુ આપણે એમને 'રાષ્ટ્રીય શાયર' કહેતા નથી. સ્વ. મનુભાઈ પંચોળી 'દર્શક'એ આ પ્રશ્નનો ખુલાસો એમની રીતે આ મુજબ આપ્યો છે : 'ગાંધીજીના મનમાં 'રાષ્ટ્રીય શાયર'નો અર્થ એ હશે કે રાષ્ટ્રના જે બે વિભાગો પડી ગયા છે-ભણેલા ને અભણ એ બેને જે સાંકળી શકે તે રાષ્ટ્રીય શાયર'[૨] આ બંને વર્ગોને સાંકળી આપવાનું કાર્ય ઝવેરચંદ મેઘાણીએ એમના વન દ્વારા કર્યું છે. મેઘાણીના જ શબ્દોમાં કહી તો-

'હે જી ભેદની ભીંત્યુને આજ મારે ભાંગવી,
મનડાની આખરી ઉમેદ,
પારો રે આવ્યો રે સંતો પાપનો.'[3]

આમ માનસિક વૈમનસ્યની ભીતીને ભાંગીને મેઘાણીએ બધાને કસુંબલરંગથી કાલવી દીધા. માનવતાના વ્યાપક આલેખન અને કસુંબલરંગથી રંગાયેલી તેમની કવિતા જનતાના હૃદયસિંહાસન પર બિરાજી હતી. ગાંધીયુગના કવિઓમાં માત્ર ઝવેરચંદ મેઘાણીની જ કવિતા કલાપી અને ન્હાનાલાલની કવિતાની જેમ લોકહૃદય અને લોકકંઠ સુધી પહોંચી. ઝવેરચંદ મેઘાણીની લોકપ્રિયતા પાછળ તેની યુગ આરાધનાનો મોટો ફાળો છે. લોકહૈયાને સ્પર્શી જાય, એને તરબતર કરી દે એવાં સરળ, માર્મિક અને વેધક સંવેદનો મેઘાણીએ અકૃત્રિમ રીતે રજૂ કર્યા છે. મૂળે તે ડાયરાના માણસ, આપણા પુરાતન શૂરાઓ ધીંગાણાઓ ખેલતા પૂર્વે કસુંબા ઘૂંટતા તેમ મેઘાણીએ પણ દેશદાઝ-શૌર્ય ભાવના ગાન દ્વારા લોકહૃદયમાં પોતાનું સ્થાન અંકિત કર્યું. એમની કવિતાનો આ ભાતીગળ કસુંબલ રંગ શૌર્યનો, માનવપ્રેમનો અને માનવ હૈયાના સર્વ ઉત્કૃષ્ટ ભાવોનો છે. ઈ.સ. ૧૯૩૪માં મેઘાણીએ રચેલ 'કસુંબીનો રંગ' કાવ્યની ટિપ્પણમાં તેમણે લખ્યું છે. 'સૌરઠમાં ને ગુજરાતમાં નવવધૂની કસુંબલ ચૂંદડી શૌર્ય પ્રેમીની કસુંબલ આંખ, બહારવટિયાનાં 'લાલ કસુંબલ લૂગડાં' અને 'ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમશૌર્ય અંકિત' એ કવિ નર્મદની ગીત પંકિત પ્રચલિત છે. 'સુગંધ મહેકતો, ન ભડકા જેવો કે ન આછો, પણ લાલપમાં કાળાશ ઘૂંટી કરેલો હોય તેવો આ કસુંબલ રંગ ઉત્તમ ગણાય છે. જીવનનો પણ એવો જ કસુંબલ રંગ હૃદયના સર્વભાવો જેમાં નીચોવાયા હોય તેવો રંગ રંગાયેલા કોઈ વિરલાને નિર્દેશી રચ્યું છે.'[૪]

ઝવેરચંદ મેઘાણીને રચેલ 'કસુંબીનો રંગ' કાવ્ય તેમના સમગ્ર કવનને સમજવાની એક ચાવી પૂરી પાડે છે. તેમની કાવ્યધારાનું બીજ આ કસુંબલ રંગમાં પડેલું છે. આથી 'કસુંબલ' મેઘાણીની કવિતાના સંદર્ભમાં સહેજ વિગતે સમજવો જરૂરી બને છે. આ શબ્દની સમજૂતી આપતાં ડૉ.ઉપેન્દ્ર પંડયા કહે છે : "સંસ્કૃત શબ્દ કુસુમ્ભ-કંકુ માટે વપરાતાં એ નામના ફૂલ ઉપરથી આ કસુંબલ શબ્દ આવ્યો છે... વીરતા, ટેક, ફનાગીરી, પ્રેમ, મસ્તી, ખુમારી, ભક્તિ-ઈન્કિલાબની વૃત્તિ, તેમજ જીવનની સુંદરતા, રંગીનતા, ભાવનાત્મક્તા, સ્વાર્પણ વગેરેના પ્રતીક શો આ રંગ છે. એમાંથી નર્યો લાલચોળ ઉલ્લાસ જ નીતરે છે એમ નથી. દર્દ, અન્યાય, શોષણ પણ એમાં છે. તેથી માનવજીવનમાં વ્યાપેલી વેદના અને વિષાદજન્ય કરુણતાનો રંગ પણ એમાં ભારોભાર ઘુંટાયેલો છે.''[૫]

'કસુંબલ રંગ' મેઘાણીની કાવ્યભાવનાને વાચા આવવા સમર્થ છે. તેનાંથી મેઘાણીની જીવનભાવનાનાં દર્શન થાય છે. આ સંદર્ભે ડૉ. ઈશ્વરલાલ ર. દવેએ નોંધયું છે. "મેઘાણીની કવિતા એ કસુંબલ રંગની કવિતા છે. 'કસુંબીનો રંગ' એ કાવ્ય મેઘાણીની કવિતામાં બીજરૂપે છે. મેઘાણીની બધી

કવિતા આ બીજમાંથી પ્રસરી છે. મેઘાણીની કવિતાના બધા રંગો આ કાવ્યમાંથી જાણે પ્રસર્યા છે. કસુંબીનો રંગ કવિની જીવનભાવનાનું પ્રતીક બની રહે છે. મેઘાણીની સમગ્ર તાસીર પણ આ 'કસુંબીનો રંગ'માં સૂચવાય છે."[૬]

આવો 'કસુંબલ રંગ' આઝાદીની લડત વેળાએ આપણા ક્રાંતિકારીઓમાં હતો. સમગ્ર દેશના વીર યુવાનો દેશ માટે દેશ માટે બલિદાન આપવા થનગની રહ્યા હતા. આ વીરોમાં દ્રષ્ટિ ગોચર થતી કસુંબલ રંગની વાત કરતાં મેઘાણી કહે છે :

"દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં
ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં
મહેક્યો કસુંબીનો રંગ.- રાજ."[૭]

અહીં 'લીલાં' શબ્દમાં થનગનતા નવયુવકોનાં બલિદાનો એવો વિશેષ અર્થ અભિપ્રેત છે. મેઘાણીએ સંક્ષેપમાં આબેહૂબ ચિત્ર ઉપસાવી આપ્યું છે. પ્રસ્તુત કાવ્યમાં અમૂર્ત-ભાવોને કવિએ મૂર્તરૂપ આપ્યું છે. દા.ત. "ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ ચોળ્યો કસુંબીનો રંગ..."[૮]

લોકગીતના નજાકત, સૌંદર્ય, અસબાબને પ્રગટ કરતી તેમની કવિતામાં 'Romanticism' - રંગીન કલાતત્ત્વ પણ દષ્ટિગોચર થાય છે. 'રાજ મને લાગ્યો કસુંબીનો રંગ'નું વારંવાર થતું પુનરાવર્તન રચનામાં કર્ણપ્રિય લયાત્મક્તા સિદ્ધ કરે છે. પાંચેક અંતરા સુધી આ બધું સમું-સુતર્યું ચાલે છે. પણ એ પછી કાવ્યમાં બિનજરૂરી પ્રસ્તાર અને એકવિધતા પ્રવેશી હોવાનો અહેસાસ થાય છે. એ તરફ અંગૂલિનિર્દેશ કરતાં શ્રી દિનેશ કોઠારીએ કહ્યું છે : "યુગધર્મથી પ્રેરાયેલા કવિએ ગમે તેમ કરીને આ કડીઓ અહીં ચોંટાડી દીધી છે."[૯]

કાવ્યનો અંતિમ અંતરો સમગ્ર જનતાને કર્તવ્ય-પરાયણતા અને રાષ્ટ્ર માટે બલિદાન આપવાની હાકલ કરતા અને પ્રેરતા 'કસુંબલ રંગ'થી રંગાઈ જવાની હાકલ કરે છે :

"ઘોળી ઘોળી પ્યાલા ભરિયા ! રંગીલા હો !
પીજો કસુંબીનો રંગ;
દોરંગા દેખીને ડરિયાં : ટેકીલાં હો !
લેજો કસુંબીનો રંગ ! રાજ. "[૧૦]

'કસુંબીનો રંગ' કાવ્ય અને તેમાં આવતા શબ્દો મેઘાણીના વ્યકિતત્વને તેમજ એમના કવિત્વને સમજવા માટે અત્યંત મહત્વના બની રહે છે. એમની દષ્ટિએ તો બધી જ કવિતા જીવનના કસુંબલ રંગને વોળી-ઘૂંટીને વ્યકત થતી હોય એને મેઘાણીએ જીવનકસુંબીનો રંગ કહ્યો છે. એવી સકલ ઊર્મિઓથી રંગાયેલા કોઈ વિરલાને ઉદ્દેશીને પોતે એ કાવ્ય લખ્યું છે. એવો નિર્દેશ તેમણે કર્યો તેની પાછળ તેમની જીવન અને કવિતા વિશેની પાયાની ભાવના છતી થાય છે. આથી આપણે કહી શકીએ કે મેઘાણીની કવિતામાં રાષ્ટ્રભક્તિનો જે રંગ ઊભરાય છે તે જીવન સમગ્રનો જ એક અંશ છે.

**સંદર્ભ સૂચિ :**

1. ઝવેરચંદ મેઘાણી, 'યુગવંદના' વર્ષ :૧૯૫૦, ચોથી આવૃત્તિ, પૃ.૧૮
2. મનુભાઈ પંચોલી, 'દર્શક', 'ભેદની ભીત્યુંને આજ મારે ભાંગવી', બીજી આવૃત્તિ, પૃ.૩

3. ઝવેરચંદ મેઘાણી, 'યુગવંદના' વર્ષ :૧૯૫૦, ચોથી આવૃત્તિ, પૃ.૧૩૪
4. ઝવેરચંદ મેઘાણી, 'સોના નાવડી'(સમગ્ર કવિતા) વર્ષ : ૯ માર્ચ ૧૯૯૭, પૃ.૬
5. ઉપેન્દ્ર પંડયા, 'પ્રતિબોધ, પૃ.૧૮૫
6. ડૉ. ઈશ્વરલાલ દવે, 'મહેંકયો કસુંબીનો રંગ' પૃ.૧૯
7. ઝવેરચંદ મેઘાણી, 'યુગવંદના' વર્ષ :૧૯૫૦, ચોથી આવૃત્તિ, પૃ.૪
8. એજન
9. દિનેશ કોઠારીનો લેખ, 'ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ' પૃ.૪
10. ઝવેરચંદ મેઘાણી, 'યુગવંદના' વર્ષ :૧૯૫૦, ચોથી આવૃત્તિ, પૃ.૪